Saarth E-Journal

Saarth E-Journal of Research

E-mail: sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO: 2395-339X
Peer Reviewed
Vol.9, Issue.2 No.6

Impact Factor: 6.89
Quarterly
April to June - 2024

# ગુજરાત સરકારની સ્ત્રીઓ સબંધિત વિભિન્ન યોજનાઓ અને અમલીકરણ

જેવીના પી. માણાવદરીયા, ડૉ.મહેશડી. ગોગરા

**સારાંશ:**

મહિલાઓ આત્મનિર્ભર બને અને સન્માનભેર ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે દિશામાં ગુજરાત સરકાર દ્વારા પરિણામલક્ષી કામગીરી કરવમાં આવે છે.મહિલાઓના આર્થીક, સામાજિક, રાજકીય, શૈક્ષણિક અને આરોગ્ય વિકાસના વિવિધ પાસાઓને સાંકળીને ગુજરાત રાજ્યમાં વિકાસનાકાર્ય માટે કટિબદ્ધ બની છે. "સક્ષમ મહિલા સશક્તગુજરાત" થકી "આત્મનિર્ભર મહિલા થકી આત્મનિર્ભર ગુજરાત તરફ... મહિલાઓના સશક્તિકરણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર પુરસ્કૃત મહિલા કલ્યાણકારી યોજનાઓ વધુને વધુ કિશોરીઓ અને મહિલાઓને તેમનો લાભ મળે તેવા પ્રયાસ કરવામાં આવે છે. ગુજરાત સરકારના ૨૨ જેટલા વિભાગો દ્વારા મહિલા કલ્યાણકારી યોજનાઓ અમલીકૃત છે. જેને માટે આ સંશોધન પેપરમાં ગુજરાત સરકારની વિવિધ વિભાગોની મહિલા કલ્યાણકારી યોજનાઓનો તેમજ અમલીકરણના માળખાની વિગતવાર સમજવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

**ચાવીરૂપશબ્દો:**આત્મનિર્ભર, સન્માનભેર, ગૌરવપૂર્ણ, ગુજરાત સરકાર, આર્થીક, સામાજિક, રાજકીય, શૈક્ષણિક,આરોગ્ય,મહિલા
કલ્યાણકારીયોજના

**પ્રસ્તાવના:**

છેલ્લા ઘણા વર્ષથી રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિભાગોની મહિલાલક્ષી નીતિઓ અને યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે અને પરિણામે તમામ વર્ગ, જાતિ અને સમાજની મહિલાઓ માટે વિકાસના પગથિયા બન્યા છે. મહિલાઓનું પ્રતિનિધિત્વ સમાજના દરેક ક્ષેત્રમાં જળવાય તે માટે રાજ્ય સરકારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦% બેઠકો અને પોલીસ ભરતીમાં ૩૩% બેઠકો આરક્ષિત રાખવામાં આવી છે. પરંતુ હજુ ઘણા અંશે આપના સમાજમાં મહિલાઓ શિક્ષણ, આરોગ્ય, પોષણ, રોજગાર, રમતગમત અને ઉદ્યોગ જેવા ક્ષેત્રમાં પાછળ જોવા મળેલ છે. તેથી મહિલાઓના સર્વાંગી વિકાસ માટે તમામા ક્ષેત્રમાં ગુજરાત સરકાર દ્વારા વિવિધનીતિઓ અને યોજનાઓના અમલીકરણ દ્વારા મહિલાઓને સમાજના મુખ્યપ્રવાહ સાથે જોડવા સઘળા પ્રયાસો કરવામાં આવે છે. પ્રસ્તુત પપેરમાં ગુજરાત સરકારની સ્ત્રીઓ સબંધિત વિવિધ વિભાગોની અનેક

યોજનાઓ માંથી કેટલીક મહત્વપૂર્ણ યોજનાઓનો પરિચય આપવામાં આવેલ છે તેમના અમલીકરણના લાભ અંગે સૂચિતાર્થો તારવામાં આવેલ છે.

**અભ્યાસનાહેતુ:**

(૧) ગુજરાત સરકારની સ્ત્રીઓ સબંધિત વિવિધ યોજનાઓ જાણવી.

(૨) ગુજરાત સરકારની સ્ત્રીઓ સબંધિત યોજનાનું અમલીકરણ માળખાથી વાકેફ થવું.

**સંશોધન પદ્ધતિ:**

આ અભ્યાસમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં વિવિધ પુસ્તકો, સામયિકો અને ઈન્ટરનેટ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી છે.

| ગુજરાત સરકાર | | |
|---|---|---|
| ગુજરાતસરકારનાવિવિધવિભાગો | | |
| મહિલા અને બાળ વિકાસ વિભાગની યોજના | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની યોજના | સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગની યોજના |
| • નારીસંરક્ષણ કેન્દ્ર/ગૃહ<br>• પ્રદર્શન સહવેચાણ<br>• ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના | • ચિરંજીવી યોજના<br>• કસ્તુરબા પોષણ સહાય યોજના<br>• પ્રધાનમંત્રી માતૃવંદના યોજના | • દિવ્યાંગ લગ્ન સહાયયોજના<br>• ઇન્દિરાગાંધી રાષ્ટ્રીય સહાય યોજના<br>• કુંવરબાઈનું મામેરું યોજના<br>• માઈ રમાબાઇઆંબેડકર સાતફેરાસમૂહ લગ્નયોજના |

સ્ત્રોત:wcd.gujarat.gov.in/uploads/pdf/NewsEventsEeyhar_QI9pSdduECF5SnuzT8ng7eyD.pdf

## મહિલા અને બાળ વિકાસ વિભાગનીયોજના

**નારી સંરક્ષણ કેન્દ્ર/ગૃહ :-**

- **યોજનાનો હેતુ :** કૌટુંબિક સામાજીક સમસ્યાઓથી પીડિત નિરાશ્રિત મહિલાઓને આશ્રય આપવો. કાઉન્સેલિંગ દ્વારા જરૂરી સલાહ,માર્ગદર્શન આપી કુટુંબમાં પુનઃ સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવો.
- **યોજનાનો લાભ લેવા માટે પાત્રતા :** હિંસાનો ભોગ બનેલી,કુટુંબ અત્યાચારનો ભોગ બનેલી,ત્યજી દેવામાં આવેલી મહિલા,આશ્રયની જરૂર હોય તેવી પોલીસ દ્વારા,સામાજિક કાર્યકર દ્વારા,સામાજિક સંસ્થા દ્વારા,સગા સંબંધીઓ દ્વારા કે સ્વેચ્છાએ આશ્રય માટે આવેલી મહિલા.
- **યોજના હેઠળ મળવા પાત્ર લાભ :**મહિલાઓને આશ્રય સાથે જીવન જરૂરી સુવિધા પૂરી પડવી, કાઉન્સેલિંગ દ્વારા કુટુંબમાં પુનઃ સ્થાપન કરવું,અનાથ બાળાઓ પુખ્ય વયની થયા લગ્ન દ્વારા કુટુંબમાં પુનઃ સ્થાપન કરવું,આશ્રિત બહેનોને લગ્ન માટે નિયમઅનુસાર આર્થિક સહાય પેટે રૂ. ૧,૫૦,૦૦૦/- સહાય મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આપવામાં આવે છે.
- **યોજનાનો લાભ મેળવવા રજુ કરવાના પુરાવા :**આશ્રયની જરૂરિયાત હોય તેવી કોઈ પણ મહિલા મેનેજરને મૈખિક અથવા લેખિત રજૂઆત કરી શકે.કાયદાકીય તકરારમાં આવેલી મહિલા મેજીસ્ટ્રેટ અથવા પોલીસની સુચના હુકમથી પ્રવેશ મેળવી શકે છે.
- **યોજનાનું અમલીકરણ :** જીલ્લા કક્ષાએ જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી.

**<u>પ્રદર્શન સહ વેચાણ :-</u>**

- **યોજનાનો હેતુ :**આર્થીક પ્રવૃત્તિ કરતી મહિલાઓ/મહિલા ઉદ્યોગકારોને તેમના દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓમાટે બજાર પૂરું પાડવા માટે મદદ કરવી.
- **યોજનાનો લાભ લેવા માટે પાત્રતા :** આર્થિક ઉપાર્જન કરતી મહિલા ઉધોગકારો, ગૃહ ઉધોગ કે અન્ય આર્થિક પ્રવૃતિમાં જોડાયેલી મહિલા,આર્થિક ઉપાર્જન કરતા સ્વસહાય જૂથ કે સંસ્થા
- **યોજના હેઠળ મળવા પાત્ર લાભ :** જુદા જુદા સ્થળોએ અને સમયે યોજાતા રાજ્ય કક્ષાના આંતરરાષ્ટ્રીય કક્ષાના તેમજ સહભાગી મેળામાં નજીવા ભાવે સ્ટોલની ફાળવણી કરવામાં આવે છે.
- **યોજનાનો લાભ મેળવવા રજુ કરવાના પુરાવા :** ઉત્પાદિત વસ્તુઓની વિગત સાથે લેખિતમાં અરજી કરવી.
- **યોજનાનું અમલીકરણ :** ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ, ઉદ્યોગ ભવન સેક્ટર નંબર- ૧૧, ગાંધીનગર.

**<u>ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના :-</u>**

- **યોજનાનો હેતુ :** ગંગા સ્વરૂપા મહિલાઓ પરત્વે સામાજિક માનસિકતામાં પરિવર્તન લાવવું. લગ્ન કરવા ઈચ્છુક ગંગા સ્વરૂપા બહેનોને સમાજના સાંપ્રત પ્રવાહમાં પુનઃ સ્થાપિત કરવા.
- **યોજનાનો લાભ લેવા માટે પાત્રતા :** ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળનાર ૧૮ થી ૫૦ વર્ષની ઉમરની પુનઃ લગ્ન કરનાર મહિલા.
- **યોજના હેઠળ મળવા પાત્ર લાભ :**કુલ રૂપિયા ૫૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે જેમાંથી રૂ.૨૫,૦૦૦/- લાભાર્થી મહિલાના બચત ખાતામાં DBT મારફત જમા થશે અને બાકીની રકમ રૂ.૨૫૦૦૦/- રાષ્ટ્રીય બચતપત્રો (NSC) સ્વરૂપે મહિલાને આપવામાં આવે છે.
- **યોજનાનો લાભ મેળવવા રજુ કરવાના પુરાવા :** ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો મંજુરી આદેશ પુનઃ લગ્નની નોંધણી અંગેનું પ્રમાણપત્ર,પુનઃલગ્ન અંગેના પુરાવા,લાભાર્થીનો સંયુક્ત ફોટો,લાભાથીને જે બચત ખાતામાં સહાય લેવા માંગતા હોય તે ખાતાની વિગત.
- **યોજનાનું અમલીકરણ :**

    **ગ્રામ્ય કક્ષાએ :**ગ્રામપંચાયત ખાતે V.C.E દ્વારા

    **તાલુકા કક્ષાએ :**મામલતદાર કચેરી ખાતે ઓપરેટર દ્વારા

    **જીલ્લા કક્ષાએ :**જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, દહેજ પ્રતિબંધક અધિકારીની કચેરી.

## <u>આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનીયોજના</u>

**<u>ચિરંજીવી યોજના :-</u>**

- **યોજનાનો હેતુ :**રાજ્યમાં માતા અને બાળ મૃત્યુદર ઘટાડવો
- **યોજનાનો લાભ લેવા માટે પાત્રતા :** ગરીબી રેખા હેઠળની કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી રેખા ઉપરની પરતું કરવેરોના ભરતી હોયતેવા અનુસુચિત જનજાતિ કુટુંબની પ્રસુતા બહેનો

- **યોજના હેઠળ મળવા પાત્ર લાભ :**પ્રસુતા બહેનોને સરકાર દ્વારા નક્કી કરાયેલ ખાનગી દવાખાનામાં પ્રસુતિ સારવાર અને દવાઓ વિનામૂલ્યે આપશે.પ્રસુતાને દવાખાને આવવા જવાના ભાડા પેટે ડોક્ટર દ્વારા રૂ. ૨૦૦/- રોકડા આપશે.
- **યોજનાનો લાભ મેળવવા રજુ કરવાના પુરાવા :** બી.પી.એલ.કાર્ડ,આવકનું પ્રમાણપત્ર અને MA - PMJAY કાર્ડ
- **યોજનાનું અમલીકરણ :**

  **ગ્રામ્ય કક્ષાએ :**આશા વર્કર, પેટા આરોગ્ય કેન્દ્ર,સામુહિક આરોગ્ય કેન્દ્ર

  **તાલુકા કક્ષાએ :**પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,સામુહિક આરોગ્ય કેન્દ્ર,તાલુકા આરોગ્ય અધિકારી

  **જીલ્લા કક્ષાએ :** મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરી.

**<u>કસ્તુરબા પોષણ સહાય યોજના :-</u>**

- **યોજનાનો હેતુ :** ગરીબી રેખા હેઠળની સગર્ભા માતાઓને પોષણ સહાય પૂરી પાડવા જેથી બાળ મૃત્યુ દર તેમજ માતા મૃત્યુ દર ઘટાડી શકાય.
- **યોજનાનો લાભ લેવા માટે પાત્રતા :** ગરીબી રેખા હેઠળની સગર્ભા માતાઓને ત્રણ બાળકો સુધીની પ્રસુતિ માટે
- **યોજના હેઠળ મળવા પાત્ર લાભ :**સગર્ભાવસ્થામાં પ્રથમ છ માસમાં આંગણવાડી ખાતે મમતા દિવસમાં સગર્ભાવસ્થાની નોંધણી કરાવવાથી રૂ.૨૦૦૦/-ની સહાય.સરકારી દવાખાનામાં અથવા ચિરંજીવી યોજના અંતર્ગત સુવાવડના પ્રથમ અઠવાડિયામાં રૂ.૨૦૦૦/-ની સહાય.બાળકના જન્મબાદ ૯ થી ૧૨ મહિના પહેલા મમતા દિવસમાં સંપૂર્ણ રસીકરણ પૂર્ણ થયા બાદ રૂ.૨૦૦૦/-ની સહાય આમ કુલ રૂ.૬૦૦૦/- ની સહાય મળવાપાત્ર છે. લાભ મેળવવા અરજી મમતા દિવસમાં નોંધણી કરાવવાની રહેશે.
- **યોજનાનો લાભ મેળવવા રજુ કરવાના પુરાવા :** બી.પી.એલ.કાર્ડ
- **યોજનાનું અમલીકરણ :**

  **ગ્રામ્ય કક્ષાએ :**આશા વર્કર, પેટા આરોગ્ય કેન્દ્ર,પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,તાલુકા આરોગ્ય અધિકારીશ્રી.

  **તાલુકા કક્ષાએ :**પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,સામુહિક આરોગ્ય કેન્દ્ર,તાલુકા આરોગ્ય અધિકારી

  **જીલ્લા કક્ષાએ :**મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરી.

**<u>પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના :-</u>**

- **યોજનાનો હેતુ :** માતા અને બાળ સ્વાસ્થ્ય માટે જરૂરી આરોગ્ય અને પોષણ પર્યાપ્ત માત્રામાં મળી રહે કે જેથી એનેમીયા અને કુપોષણનું પ્રમાણ ઘટાડી શકાય જેથી માતામૃત્યુદર અને બાળ મૃત્યુદર ઘટાડી શકાય.
- **યોજનાનો લાભ લેવા માટે પાત્રતા :** એ.પો.એલ., બી.પી.એલ. કાર્ડ ધરાવતી મહિલા, કુટુંબની વાર્ષિક આવક ૮ લાખ કરતા ઓછી હોય તેવી મહિલા,પ્રથમ પ્રસુતા, સગર્ભા અને ધાત્રી માતા.
- **યોજના હેઠળ મળવા પાત્ર લાભ :** પ્રથમ બાળકના કિસ્સામાં રૂ.૫૦૦૦/- ની રકમ બે હપ્તામાં (પ્રથમ રૂ.૩૦૦૦/- અને બીજો રૂ.૨૦૦૦/-), બીજા બાળક માટે બીજું બાળક છોકરી હોયતો તેના જન્મ પછી રૂ.૬૦૦૦/-એક હપ્તામાં.
- **યોજનાનો લાભ મેળવવા રજુ કરવાના પુરાવા :** મમતા કાર્ડ, માતાનું આધાર કાર્ડ, લાભાર્થીની બેંક પાસબુક,મોબાઈલ નંબર,લાભાર્થીના ફોટો

- **યોજનાનું અમલીકરણ :**

  **ગ્રામ્ય કક્ષાએ :**આશા વર્કર, પેટા આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર

  **તાલુકા કક્ષાએ :**પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,સામુહિક આરોગ્ય કેન્દ્ર,તાલુકા આરોગ્ય અધિકારી

  **જીલ્લા કક્ષાએ :** મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરી.

**<u>સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગનીયોજના</u>**

<u>દિવ્યાંગલગ્નસહાયયોજના :-</u>

- **યોજનાનો હેતુ :**દિવ્યાંગથી દિવ્યાંગ અને દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિઓ સમાજમાં સન્માનપૂર્વક જીવી શકે તે હેતુથી દિવ્યાંગ લગ્નસહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે.
- **યોજનાનો લાભ લેવા માટે પાત્રતા :**કન્યા ઉંમર ૧૮ વર્ષ અને કુમારની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઈએ. યોજનાનો લાભ એક વખત મળવાપત્ર છે. લગ્નના ૨(બે) વર્ષની સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે. ૨૧ પ્રકારની કોઈ પણ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા યુગલને તેનો લાભ મળશે.
- **યોજના હેઠળ મળવા પાત્ર લાભ :**આ યોજના હેઠળ દિવ્યાંગથી દિવ્યાંગ વ્યક્તિ પરસ્પર એકબીજા સાથે લગ્ન કરે ત્યારે યુગલની બંને વ્યક્તિને રૂ.૫૦,૦૦૦/- + રૂ. ૫૦,૦૦૦/- મળી એમ કુલ રૂ. ૧,૦૦,૦૦૦/- સહાયમળવાપાત્રછે.
- **યોજનાનો લાભ મેળવવા રજુ કરવાના પુરાવા :**રહેઠાણનો પુરાવો, કન્યા/કુમાર શાળા છોડયાનું પ્રમાણપત્ર, અરજદારનું દિવ્યાંગ ઓળખકાર્ડ અથવા સિવિલ સર્જન શ્રી દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગ પ્રમાણપત્ર, લગ્નનોંધણીનું પ્રમાણપત્ર, બેંકપાસબુકની નકલ/ રદ કરેલ ચેક
- **યોજનાનું અમલીકરણ :** જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીનીશ્રીની કચેરી, જીલ્લાસમાજ સુરક્ષા અધિકારી શ્રી દ્વારા અરજી મંજુરના મંજૂર કરવામાં આવે છે.

<u>ઈન્દિરાગાંધીરાષ્ટ્રીયવૃદ્ધસહાયયોજના:-</u>

- **યોજનાનો હેતુ :**ગરીબી રેખાહેઠળ જીવન ગુજારતા વૃદ્ધોને આર્થિક રીતે મહદ અંશે મદદરૂપ થાવ પેન્શનના રૂપે નાણાંકીય સહાય ઉપલબ્ધ કરવા માટે અમલમાં મુકવામાં આવેલ છે.
- **યોજનાનો લાભ લેવા માટે પાત્રતા :** અરજદારની ઉંમર ૬૦ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ. BPL કાર્ડની યાદીમાં ૦ થી ૨૦ના સ્કોરમાં સમાવિષ્ટ હોવો હોઈએ. શહેરી વિસ્તારના અરજદારો માટે કેન્દ્ર સરકારના અર્બન હાઉસિંગ & પ્રોપર્ટી એલીવેશન મંત્રાલયના ગરીબી નિવારણ કાર્યક્રમોના સંદર્ભ તૈયાર કરવામાં આવતી BPL સમાવિષ્ટ હોવા જોઈએ. પાત્રતા ધરાવતા પતિ – પત્ની બંને અરજી કરીશ કે.
- **યોજના હેઠળ મળવા પાત્ર લાભ :** લાભાર્થીની ૬૦ થી ૭૯ વારના વૃદ્ધોને માસિક સહાય રૂ.૧૦૦૦/- અને ૮૦ કે તેથી વધુ વયના લાભાર્થીઓને માસિક સહાય રૂ.૧૨૫૦/- ની સહાય આપવામાં આવે છે.
- **યોજનાનો લાભ મેળવવા રજુ કરવાના પુરાવા** :ઉંમરનું પ્રમાણપત્ર અથવા શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા તબીબી શ્રી દ્વારા આપવામાં આવેલ વયપ્રમાણપત્ર બી.પી.એલસ્કોર અંગેના પુરાવો, આધારકાર્ડ, બેંકખાતાની/ પોસ્ટખાતાનીપાસબુકનીનકલ.
- **યોજનાનું અમલીકરણ :**
- **ગ્રામ્ય કક્ષાએ :**ગ્રામપંચાયતકચેરી
- **તાલુકા કક્ષાએ :** સબંધિતમામલતદારશ્રીની કચેરી
- **જીલ્લા કક્ષાએ :**જીલ્લાસમાજસુરક્ષાશાખા

**કુંવરબાઈનું મામેરું યોજના :-**

- **યોજનાનો હેતુ :**અનુ.જાતિનીકન્યાઓનેતેમનાલગ્નપ્રસંગેઆથિકમદદકરવાનો
- **યોજનાનો લાભ લેવા માટે પાત્રતા :**યુવકનીવયર૧તથાકન્યાની૧૮હોવીઆવશ્યક. કુટુંબની કુલ બે કન્યા સુધી પુનલગ્નના કિસ્સામાં પણ આયોજન હેઠળ લાભ મળવા પાત્ર થશે.
- **યોજના હેઠળ મળવા પાત્ર લાભ :**અનુ.જાતિની કુટુંબદીઠ બે કન્યાઓનેરૂ. ૧૨,૦૦૦/- સહાય આપવામાં આવે છે.
- **યોજનાનો લાભ મેળવવા રજુ કરવાના પુરાવા** :કન્યાનુંતેમજતેમનાવાલીનાઆધારકાર્ડ, કન્યા અને યુવકનો જાતિનો દાખલો, રહેઠાણનો પુરાવો, કન્યાના વાલીનો આવકનો દાખલો, લગ્નનોંધણી પ્રમાણપત્ર, બેંકપાસબુક (કન્યાના નામની પાછળ પિતાનું નામ હોય તે) ,જો પિતાહયાત ન હોય તો મરણનોદાખલો, સ્વઘોષના, લગ્નવિજ્ઞાપ્તિનુંફોર્મ.
- **યોજનાનું અમલીકરણ :**
- **તાલુકા કક્ષાએ :** સમાજકલ્યાણનિરીક્ષક, તાલુકાપંચાયતકચેરી.
- **જીલ્લા કક્ષાએ :**જીલ્લાનાયબનિયામકશ્રી, અનુ. જાતીકલ્યાણનીકચેરી.

**માઈરમાબાઈઆંબેડકરસાતફેરાસમૂહ લગ્નયોજના:-**

- **યોજનાનો હેતુ :**અનુસુચિત જાતિમાં લગ્નપ્રસંગે થતાં ખોટાખર્ચ અને રીતરિવાજો અટકાવવામાટે
- **યોજનાનો લાભ લેવા માટે પાત્રતા** : આયોજના લાભ લેનાર યુગલ લગ્ન માટેની નિયત વય ધરાવતા હોવા જોઈએ. ઓછામાં ઓછા ૧૦ યુગલના સમૂહ લગ્ન થવા જોઈએ.
- **યોજના હેઠળ મળવા પાત્ર લાભ :** સમૂહ લગ્નમાં એક યુગલ દીઠ લગ્ન વખતે રૂ. ૧૨,૦૦૦/- ચેકથી કન્યાને ચુકવવામાં આવે છે. સમૂહ લગ્નનું આયોજન કરવા માટે આયોજન કરવા માટે આયોજક સંસ્થાને યુગલદીઠ રૂ. ૩૦૦૦/- લેખે પ્રોત્સાહન રકમ વધુમાં વધુ રૂ. ૭૫,૦૦૦/- ની મર્યાદામાં મંજુર કરવામાં આવે છે.
- **યોજનો લાભ મેળવવા રજુ કરવાના પુરાવા** :લગ્નકંકોત્રી, સમૂહલગ્નના આયોજકો એ આપવાનું થતું પ્રમાણપત્ર, કન્યાના પિતાનો આવકનો દાખલો, યુવક – યુવતીનો ઉંમરનો પુરાવો, જાતિનોદાખલો.
- **યોજનાનું અમલીકરણ :**
- **તાલુકા કક્ષાએ :** સમાજકલ્યાણનિરીક્ષક, તાલુકાપંચાયતકચેરી.
- **જીલ્લા કક્ષાએ :**જીલ્લાનાયબનિયામકશ્રી, અનુ. જાતીકલ્યાણનીકચેરી.

**તારણો:**

(૧)પ્રસ્તુત સંશોધન અભ્યાસ પરથી જાણવા મળે છે કે ગુજરાત સરકારના ૨૨ જેટલા વિભાગો દ્વારા મહિલા કલ્યાણકારી યોજનાઓ અમલીકૃત છે.

(૨)પ્રસ્તુત સંશોધન અભ્યાસ પરથી જાણવા મળે છે કે ગુજરાત સરકાર દ્વારા યોજનાના અસરકારક અમલીકરણ માટે ગ્રામ્ય કક્ષાએ, તાલુકા કક્ષાએ અને જીલ્લાકક્ષાએ એમ ત્રિસ્તરીય માળખા દ્વારા અમલીકરણની વ્યવસ્થા કરવામાં આવી છે.

(૩) પ્રસ્તુત સંશોધન અભ્યાસ પરથી જાણવા મળે છે કે ગુજરાત સરકારની સ્ત્રીઓ સંબધિત યોજનાઓથી આત્મનિર્ભર બને અને સન્માનભેર ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તેવીલાભદાયકનીવડીછે.

**સમાપન:-**

સમગ્રદેશમાં ગુજરાત રાજ્ય એ વિકાસમાં હરણ ફાળ ભરી છે. કોઈપણ રાજ્યને પ્રગતિશીલ બનવવામાં રાજ્યની લગભગ અડધી વસ્તી જેટલી મહિલાઓનો સર્વાંગી વિકાસ કરવો ખુબ જ જરૂરી છે. ગુજરાત રાજ્યએ આ દિશામાં અનેક યથાર્થ પગલાઓ ભરીને સાર્થક કરી બતાવ્યું છે. ગુજરાત સરકાર દ્વારા મહિલાઓના શિક્ષણ,આરોગ્ય,સુરક્ષા,રોજગાર અને આત્મસન્માન ક્ષેત્રે અનેક યોજનાઓનું અસરકારક અમલીકરણ કરીને રાજ્યના ટકાઉ અને નિરંતર વિકાસનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૫માં મહિલાઓ માટેનો સ્વત્રંત વિભાગ “મહિલા અને બાળવિકાસ વિભાગ” શરૂ કરીને મહિલાઓ માટે પ્રતિબધ્ધતા દર્શાવી હતી. જેથી મહિલાઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ મેળવી રાજ્યના સર્વાંગીવિકાસના સંકલ્પને સાર્થક કરે છે. ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ૧૦વર્ષથી મહિલાઓ માટેનું અલગ “જેન્ડર બજેટ” પણ તૈયાર કરવામાં આવે છે. તેમજ રાજ્યસરકારશ્રીની મહિલાઓ લાક્ષી નીતિ ઓઘડવામાં અને અમલમાં મુકવા માટે “જેન્ડર રિસોર્સ સેન્ટર” જેવી સરકારી સંસ્થાઓ સતત પ્રયત્નશીલ છે. રાજ્ય સરકાર દ્વારા “પોષણ માસ” અને“મહિલા સશક્તિકરણ પખવાડિયું” જેવા અનેક કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે.

દેશમાં સૌપ્રથમ મહિલાલક્ષી યોજનાઓના મોનીટરીંગ માટે ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૯થી “સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર” નીસ્થાપના અસરકારક અમલીકરણ માટે વૈજ્ઞાનિક ઢબે સંશોધન કરી અને ટેકનોલોજીના ઉપયોગથી મોનીટરીંગ કરી સમગ્રદેશમાં મહિલાઓને સુરક્ષિત, શિક્ષિત, સશક્ત અને સુપોષિત બનાવવમાં અગ્રસ્થાન મેળવેલ છે.

**સંદર્ભ:-**


- મહિલાકલ્યાણ,કમિશ્નરશ્રી,(૨૦૨૩-૨૪), કેન્દ્ર તથા રાજ્ય પુરસ્કૃત મહિલા કલ્યાણકારી યોજનાઓ અંગેની માહિતી પુસ્તિકા : મહિલાઅનેબાળવિકાસવિભાગ, ગાંધીનગર,
- મહિલા અને બાળકલ્યાણની યોજનાઓ,(૨૦૧૯-૨૦), માહિતી નિયામક, ગુજરાત રાજ્ય,ગાંધીનગર : સરકારી ફોટોલીથોપ્રેસ, અમદાવાદ.
- પથદર્શક,અનુસુચિતજાતિની કલ્યાણકારી યોજનાઓનો સંપુટ, (૨૦૨૦-૨૧), માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર : સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.
- પ્રેરણા, અનુસુચિતજાતિની સાફલ્યગાથાઓનો સંપુટ, (૨૦૨૧), માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર : સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.
- NewsEventsEeyhar_QI9pSdduECF5Snu-zT8ng7eyD.pdf (gujarat.gov.in)



**જેવીનાપી.માણાવદરીયા**

સમાજકાર્ય ભવન,

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી-રાજકોટ

માર્ગદર્શક

**ડૉ.મહેશડી.ગોગરા**

પ્રિન્સીપાલશ્રી, શાંતિનિકેતન કોલેજ,

રાજકોટ


1.